**Hit&Run : અકસ્માત સર્જીને કારચાલક ફરાર, ઘાયલ દંપતી હોસ્પિટલમાં સારવાર હેઠળ**

# અલકાપુરીમાં કારે વૃદ્ધ દંપતીને ફંગોળ્યું



અલકાપુરી વિસ્તારમાં આવેલા વિન્ડસર પ્લાઝા પાસે બેફામ કારે વૃદ્ધ દંપતીને ફંગોળ્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
શહેરના અલકાપુરી વિસ્તારમાં ગત મોડીરાત્રે એક 'હિટ એન્ડ રન'ની ઘટના સામે આવી છે. વિન્ડસર પ્લાઝા પાસે પુરપાટ ઝડપે આવતી એક અજાણી કારના ચાલકે બાઈક પર સવાર વૃદ્ધ દંપતીને અડફેટે લેતા અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માત સર્જીને કારચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો, જ્યારે દંપતી હાલ ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત મોડી રાત્રિના સમયે વૃદ્ધ દંપતી પોતાના બાઈક પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન વિન્ડસર પ્લાઝા પાસે અચાનક એક કારે ગફલતભરી રીતે વાહન ચલાવી બાઈકને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે દંપતી રોડ પર ફંગોળાઈ ગયું હતું અને તેમને ઈજાઓ પહોંચી હતી. ઘટના બનતાની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. રાહદારીઓએ કારચાલકને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ફૂલ સ્પીડમાં કાર હંકારીને અંધારામાં રફુચક્કર થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક લોકોએ તુરંત જ 108 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. 108 ની ટીમ ગણતરીની મિનિટોમાં જ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત વૃદ્ધ દંપતીને પ્રાથમિક સારવાર આપી તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. હાલ ડોક્ટરોની ટીમ તેમની સારવાર કરી રહી છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેથી ફરાર કારચાલક અને ગાડીના નંબરની ઓળખ થઈ શકે. આ વિસ્તારમાં રાત્રિના સમયે વાહનોની અવરજવર સતત રહેતી હોય છે, તેમ છતાં કારચાલકની આવી બેદરકારીએ અનેક સવાલો ઉભા કર્યા છે. પોલીસે ફરાર કારચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શોધખોળ કરી રહી છે.

**બંને શખ્સોએ ફરજમાં રૂકાવટ કરી સરકારી મોબાઈલ પણ તોડ્યો હતો**

# રણોલીમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરનાર બે આરોપી ઝબ્બે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા તાલુકાના રણોલી ગામે 27 એપ્રિલની મધરાતે ફરજ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલ પર બે શખ્સોએ હુમલો કર્યો હતો. જવાહરનગર પોલીસે કાર્યવાહી કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે. રણોલી ગામના સોલંકી ફળીયામાં 27મી એપ્રિલની રાત્રે જવાહરનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મહેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ ફરજ બજાવી રહ્યા હતા. તે દરમિયાન આરોપી દેવરાજ મહેશભાઈ બારોટ અને અજય મસ્કેએ ફરજમાં અડચણ ઉભી કરી હતી. તે સમયે આઉટસોર્સ ડ્રાઈવર રઘુવીરસિંહ રાજેશભાઈ સરકારી મોબાઈલથી વીડિયો રેકોર્ડ કરી રહ્યા હતા. આરોપીઓએ ધક્કો મારી મોબાઈલ નીચે પાડી દીધો હતો અને લાતો મારી ફોનને નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ બંનેએ ગંદી ગાળો બોલી કોન્સ્ટેબલ અને ડ્રાઈવર સાથે ઝપાઝપી કરી હતી. દરમિયાન દેવરાજ બારોટે હાથમાં પહેરેલા કડાથી કોન્સ્ટેબલ મહેન્દ્રકુમારના માથા પર પ્રહાર કરતા તેઓ લોહીલુહાણ થયા હતા. ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને તાત્કાલિક હોસ્પિટલ



ખસેડાયા હતા, જ્યાં તેમને ત્રણ ટાંકા લેવા પડ્યા હતા. હુમલા બાદ બંને આરોપીઓએ "ફરી અહીંયા આવશો તો જાનથી મારી નાખીશું" એવી ધમકી આપી લગ્ન પ્રસંગની ભીડનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. બનાવ અંગે કોન્સ્ટેબલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ પોલીસે રણોલીના રહેવાસી દેવરાજ ઉર્ફે દેવો અનિલભાઈ બારોટ અને અજય પંઢરી મસ્કેને ઝડપી પાડી ધરપકડ કરી હતી. હાલ બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**વડોદરાના જાંબુવા બ્રિજ પર ગોઝારો અકસ્માત**

# આઈસર સાથે ફોર વ્હીલર અથડાતા એકનું મોત નીપજ્યું

(પ્રતિનિધિ), વડોદરા. તા.28
વડોદરા શહેરના જાંબુવા બ્રિજ પર આજે વહેલી સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. નેશનલ હાઈવે નંબર 48 પર સુરત તરફથી આવતી એક પૂરપાટ ઝડપે દોડતી ફોર-વ્હીલર કારના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર કૂદી સામેની લેનમાં જઈને સીધી જ આઈસર ટેમ્પા સાથે ભટકાઈ હતી.



આજે સવારના સુમારે સુરત તરફથી એક ફોર-વ્હીલર કાર વડોદરા તરફ આવી રહી હતી. જાંબુવા બ્રિજ નજીક પહોંચતા જ અચાનક કારના ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. કારની ગતિ એટલી તીવ્ર હતી કે તે ડિવાઈડર સાથે અથડાઈને તેને ઓળંગી ગઈ હતી અને સામેની તરફથી આવી રહેલા આઈસર ટેમ્પા સાથે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી વધારે હતી કે કારના આગળના ભાગના ફુરચા ઉડી ગયા હતા. અકસ્માતની જાણ થતા જ હાઈવે પેટ્રોલિંગ ટીમ અને નજીકના પોલીસ મથકની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. કારમાં ફસાયેલા ઈજાગ્રસ્તોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

**બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ બ્લોકની કામગીરી**

# વડોદરા ડિવિઝનમાંથી પસાર થતી ટ્રેનો પ્રભાવિત થશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
પશ્ચિમ રેલ્વે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ કાંકરિયા અને મણિનગર સ્ટેશનો વચ્ચે પ્રિકાસ્ટ પોર્ટલ બીમ લગાવવા માટે 29 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક અમલમાં મૂકી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધાઓને અપગ્રેડ કરવા અને રેલ્વે માળખાગત સુવિધાને મજબૂત બનાવવાનો છે. આ કાર્યને કારણે, કેટલીક ટ્રેનોના સંચાલનને અસર થશે. રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 22960 જામનગર-વડોદરા ઈન્ટરસિટી 29 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં.69115 વડોદરા-વટવા મેમુ 29 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. ટ્રેન નં. 69102 વટવા-વડોદરા મેમુ 29 એપ્રિલના રોજ રદ કરવામાં આવશે. આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19033 વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વીન 29 એપ્રિલના રોજ વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરવામાં આવશે. પુનઃનિર્ધારિત/નિયમિત ટ્રેનોમાં ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ 29 એપ્રિલના રોજ મુંબઈ સેન્ટ્રલથી તેના નિર્ધારિત સમય કરતાં લગભગ 01 કલાક મોડી ઉપડશે. ટ્રેન નં. 19484 સહરસા-અમદાવાદ એક્સપ્રેસ 29 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક 40 મિનિટ માટે નિયમન કરવામાં આવશે. ટ્રેન નં. 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ 29 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 01 કલાક 40 મિનિટ માટે નિયમન કરવામાં આવશે. ટ્રેન નં. 22718 સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ 29 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક 40 મિનિટ માટે નિયમન કરવામાં આવશે.

**બંને દીકરીઓને મૃતકના ભાઈઓને સોપાઈ**

# કુંભારવાડામાં પતિની કરપીણ હત્યા કરનાર પત્નીને જેલ હવાલે

જમવાની બાબતે થયેલા ઝઘડામાં મહિલા દ્વારા ખૂની ખેલ ખેલાયો હતો

(પ્રતિનિધિ), વડોદરા. તા.28
કુંભારવાડા વિસ્તારમાં આવેલી ખારી તલાવડીમા જમવા બાબતે દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો જેમાં ઉશ્કેરાયેલી પત્નીએ ત્રિકમના ઘા મારીને પોતાના જ પતિની કરપીણ રીતે હત્યા કરી નાખી હતી. કુંભારવાડા પોલીસે હત્યારી પત્નીની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતાં મેજિસ્ટ્રેટ દ્વારા સેન્ટ્રલ જેલના હવાલે કરવાનો હુકમ કરાયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, કુંભારવાડા ખારી તળાવડી વિસ્તાર ખાતે રહેતા અમિતભાઈ નાનજીભાઈ દેવીપુજક (ઉ.વ. ૨૬) પર 27 એપ્રિલના રોજ બપોરે લગભગ 12.45 વાગ્યે



તેમના જ ઘરે જમવાની બાબતે દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારે આ ઝઘડામાં ઉસ્કેરાયેલી આરોપી મંજુબેન દેવીપુજકે ત્રિકમ જેવા તીક્ષ્ણ હથિયાર વડે ગળા, ડાબી છાતી અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી પતિને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ બનાવ અંગે અજીતભાઈ નાનજીભાઈ દેવીપુજક દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેના આધારે કુંભારવાડા પોલીસે હત્યા કરનાર પત્નીની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ દ્વારા 27 એપ્રિલના રોજ મહિલા આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવતા મેજિસ્ટ્રેટ દ્વારા તેને જેલ હવાલે કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. બીજી તરફ હત્યા કરનાર પત્નીને સંતાનમાં બે દીકરીઓ હતી. પત્ની દ્વારા પતિની હત્યા કરી દેવામાં આવતા દીકરીઓના માથે તે પિતાનુ છત્ર છીનવાઈ ગયું હતું અને હવે માતા પણ જેલના સળિયા પાછળ ધકેલા હતા બંને દીકરીઓએ અનાથ થવાનો વારો આવ્યો છે જેમાં હાલમાં બંને દીકરીઓને મૃતક ના ભાઈઓને આપવામાં આવી છે.

**કોબા ગામ બસ સ્ટેન્ડ પાસે ઝાડ પર ફંદો બનાવી આપઘાત**

# વાઘોડીયા પાસે યુવાને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાં એક દુઃખદ ઘટના સામે આવી છે. પારસીપુરા ખાતે રહેતા 33 વર્ષીય નીખીલભાઈ વિપીનભાઈ નાયકએ પત્ની સાથે થયેલી બોલાચાલી બાદ આવેશમાં આવી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે લાશને નીચે ઉતારી પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાઘોડીયા તાલુકામાં લાલાભાઈ પટેલના ફાર્મ હાઉસ પર રહી કડીયાકામ મજૂરી કરતા મંગુબેન (ઉ.વ. 32) તેમનૈક પતિ નીખીલભાઈ વિપીનભાઈ નાયક રહેતા હતા. જે હાલ મૂળ પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ચન્દ્રનગર મુવાડીના રહેવાસી હતા. તા. 27 એપ્રિલના રોજ સાંજે આશરે



5 વાગ્યાના સમયે નીખીલભાઈએ પોતાની પત્નીને ફોન કર્યો હતો પરંતુ તેમણે ફોન કેમ ઉપાડ્યો નહોતો. જેના બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી.

આ બાદ તેઓ આવેશમાં આવી વાઘોડીયા તાલુકાના કોબા ગામના બસ સ્ટેન્ડ નજીક રોડ સાઈડ પર આવેલા ઝાડ પર દોરી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે મૃતદેહને નીચે ઉતાર્યા બાદ કબજો લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મિત્સુ કેમ પ્લાસ્ટનો આઈબીસી વર્ટિકલમાં પ્રવેશ

વડોદરા : પોલિમર આધારિત મોલ્ડેડ પ્રોડક્ટ્સના અગ્રણી ઉત્પાદક મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે ઈન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર (આઈબીસી) વર્ટિકલમાં વ્યૂહાત્મક પ્રવેશની જાહેરાત કરી છે. કંપની અત્યાધુનિક ફૂલ્લી ઓટોમેટિક આઈબીસી પ્લાન્ટ સ્થાપિત કરી રહી છે, જે નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિકમાં કાર્યરત થવાની અપેક્ષા છે. આઈબીસી મોટા ઔદ્યોગિક કન્ટેનર્સ છે, જેનો ઉપયોગ કેમિકલ, ફાર્માસ્યુટિકલ, ફૂડ અને બેવરેજીસ, એગ્રોકેમિકલ તથા સ્પેશિયાલિટી ઉદ્યોગોમાં બલ્ક લિક્વિડ, સેમિ-સોલિડ્સ અને સોલિડ્સના સંગ્રહ તથા પરિવહન માટે થાય છે. સ્ટેકેબલ અને ફરી ઉપયોગ કરી શકાય તેવી રચનાને કારણે આઈબીસી વૈશ્વિક સ્તરે કાર્યક્ષમ પેકેજિંગ સોલ્યુશન તરીકે ઓળખાય છે. નવો પ્લાન્ટ બ્લો મોલ્ડિંગ અને એસેમ્બલી પ્રક્રિયાને એક જ છત હેઠળ સંકલિત કરીને ઉચ્ચ ચોકસાઈ સાથે મોટા પાયે ઉત્પાદન સક્ષમ બનાવશે.

**ચોરીનો મુદ્દામાલ અન સાધનો પણ કબજે કરાયા**

# નંદેસરી પોલીસે ચોરીનો ગુનો ઉકેલ્યો : બે શખસની ધરપકડ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા શહેરના નંદેસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે ગણતરીના દિવસોમાં જ સફળતા મેળવી છે. નંદેસરી પોલીસની ટીમે બે આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ચોરીનો મુદ્દામાલ તથા સાધનો રીકવર કર્યા છે.

શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર એન.બી.જાજડીયા સહિતના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ નંદેસરી પોલીસ સ્ટેશનના પીઆઈ બી.ડી. જાડેજાની દેખરેખમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે ટીમે સાંકરદા બસ સ્ટેન્ડ નજીક દરોડો પાડ્યો હતો, જ્યાં બે શખ્સો ચોરીનો ભંગાર વેચવા માટે ઉભા હોવાની માહિતી મળી હતી.

પોલીસ સ્થળ પર પહોંચી મહેશભાઈ ઉર્ફે વિષ્ણુ ઉર્ફે કાળીયો ડાહ્યાભાઈ ગોહીલ અને સરદારભાઈ ઉર્ફે પપ્પુ મફતભાઈ ચાવડાને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી પાણીની મોટરના લોખંડના ભાગો, કોપરના તારના ટુકડા તથા ચોરીમાં વપરાયેલા સાધનો મળી કુલ રૂ.5 હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે કબ્જે કરાયેલો મુદ્દામાલ નંદેસરી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનાથી સંબંધિત છે. હાલ બંને આરોપીઓ વિરુદ્ધ વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## નિવૃતિ પછી આવકની સુરક્ષા માટે યોજના શરૂ

વડોદરાઃ અવિવા ઈન્ડિયાએ નિવૃતિ બાદ નાણાકીય સુરક્ષા માટે "અવિવા સીક્યોર નેસ્ટ એન્યુઈટી પ્લાન" રજૂ ક ર્યો છે. આ પ્લાન એક વખતના સિંગલ પ્રીમિયમ દ્વારા જીવનભર નિયમિત આવકની ગેરંટી પૂરી પાડે છે. ખાસ વાત એ છે કે તેમાં 80 વર્ષની ઉંમર સુધી એન્ટ્રીની સુવિધા ઉપલબ્ધ છે, જેના કારણે નિવૃતિનું આયોજન કરતા લોકોને વધુ લવચીકતા મળશે. આ પ્લાનમાં સિંગલ લાઈફ અને જોઈન્ટ લાઈફ કવરેજ જેવા વિવિધ વિકલ્પો સાથે ગેરંટી લાઈફટાઈમ આવક, ફ્લેક્સિબલ પેઆઉટ ફ્રિકવન્સી તથા નોમિની માટે ખરીદીની કિંમત પરત મળવાની સુવિધા પણ આપવામાં આવી છે. ઉપરાંત, આ યોજના પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA)ના નિયમો અનુસાર હોવાથી નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) સબ્સ્ક્રાઈબર્સ માટે પણ યોગ્ય વિકલ્પ બને છે.

**પરિવારમાં શોકની કાલિમા છવાઇ ગઇ હતી**

# અનગઢ ગામમાં વીજકરંટ લાગતા માતા-પુત્રનું મોત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા જિલ્લાના અનગઢ ગામમાં આવેલા ઈન્દિરા આવાસના મકાનમાં રહેલા પરિવાર માટે મંગળવારનો દિવસ અમંગળ સાબિત થયો હતો. ઘરમાં સૂકવેલા કપડાં લેવા માટે પહેલા પુત્ર ગયો હતો, ત્યારે અચાનક તેને વીજકરંટ લાગ્યો હતો. પુત્રને બચાવવા માટે માતા તરત જ ત્યાં પહોંચી હતી, પરંતુ દુર્ભાગ્યવશ તેઓ પણ કરંટની ઝપેટમાં આવી ગયા હતા. બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક તેમને વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ તપાસ કર્યા બાદ પુત્ર સુરેશ ડાહ્યાભાઈ કટારિયા અને માતા લખીબેન ડાહ્યાભાઈ કટારિયાને મૃત જાહેર કર્યા હતા. આ પરિવાર મૂળ પાદરાના ડબકા ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. હાલ બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલના પીએમ રૂમમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એક જ પરિવારના બે સભ્યોના અચાનક મોતથી પરીવારના સભ્યોમાં ભારે શોકની લાગણી ફેલાઈ છે.

**વિવિધ માળખાગત વિકાસ કાર્યોની સમીક્ષા કરી**

# ડિવિઝનલ રેલ્વે મેનેજરનું વડોદરા-આણંદ-ગોધરા સેક્શનનું નિરીક્ષણ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા ડિવિઝન ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ વડોદરા-આણંદ-ગોધરા સેક્શનનું નિરીક્ષણ કર્યું. તેમણે સેક્શન પરના વિવિધ સ્ટેશનો પર ચાલી રહેલા માળખાગત વિકાસ કાર્યોની સમીક્ષા કરી અને સંબંધિત અધિકારીઓને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો હતો. પશ્ચિમ રેલ્વેના ડિવિઝનલ રેલવે મેનેજર રાજુ ભડકેએ વરિષ્ઠ વિભાગીય અધિકારીઓ સાથે મળીને કરછિયા યાર્ડનું વ્યાપક સલામતી નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન, તેમણે બિટીપીએન વેગનના ટોપ ફિટિંગમાં વપરાતી સામગ્રી અને સ્ટાફ દ્વારા ઉપયોગમાં લેવાતા વ્યક્તિગત રક્ષણાત્મક ઉપકરણોનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે સલામતી ઉપકરણોના સમયસર નવીકરણ અને કર્મચારીઓ માટે પૂરતી ઓઆરએસ સુવિધાઓ



સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે આણંદ સ્ટેશન પર વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્ટેશન અપગ્રેડ યોજનાની સમીક્ષા કરી. તેમણે આણંદ-ગોધરા વિભાગ પર યાર્ડ ફેરફાર કાર્યનું પણ નિરીક્ષણ કર્યું. તેમણે ઓડ અને ડાકોર સ્ટેશનો પર નવી લૂપ લાઈનના કમિશનિંગની પ્રગતિનું પણ વરિષ્ઠ અધિકારીઓ સાથે મૂલ્યાંકન કર્યું હતું.ડિવિઝનલ રેલ્વે મેનેજર ભડકેએ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડના વણકબોરી થર્મલ પાવર સ્ટેશન પર ટીએસપીડબ્લ્યુ સાઈડિંગની પણ મુલાકાત લીધી. અહીં, તેમને મુખ્ય ઈજનેર પી.બી.પટેલ દ્વારા વેગન ટીપરના સંચાલન અને કોલસા હેન્ડલિંગ પ્લાન્ટમાં વેગન ટીપર 1 થી 5 પર ચાલી રહેલા નવીનીકરણ અને આધુનિકીકરણ કાર્ય વિશે માહિતી આપવામાં આવી. રાખના ઉપયોગ અને વ્યવસ્થાપન અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. તેમણે ગોધરા સ્ટેશનનું પણ નિરીક્ષણ કર્યું અને અધિકારીઓને સ્વચ્છતા જાળવવા સૂચના આપી. ચાંપાનેર રોડ સ્ટેશન પર તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી લોડિંગ અને અનલોડિંગ માટે બનાવવામાં આવી રહેલા માલ પ્લેટફોર્મની પ્રગતિ વિશે પૂછપરછ કરી. ડિવિઝનલ રેલ્વે મેનેજરે તમામ સંબંધિત અધિકારીઓને સલામતી, ગુણવત્તા અને સમયસરતા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો, જેથી રેલ કામગીરી વધુ સલામત અને કાર્યક્ષમ બનાવી શકાય.

**યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો**

# વારસીયા ખાતે GPL-2 ક્રિકેટ ટૂર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
સંસ્કારી નગરી વડોદરાના વારસીયા વિસ્તારમાં આવેલા ગાયત્રી ગ્રાઉન્ડ ખાતે "ગાયત્રી પ્રીમિયમ લીગ - સીઝન 2 (GPL-2)" ક્રિકેટ ટૂર્નામેન્ટનો ભવ્ય પ્રારંભ થયો છે. ગયા વર્ષે યોજાયેલી સીઝન 1ની સફળતા બાદ આ વર્ષે સીઝન 2નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં કુલ 10 ટીમો ભાગ લઈ રહી છે. આ ટૂર્નામેન્ટ 27 દિવસ સુધી ચાલશે, જેમાં ખેલાડીઓ પોતાની પ્રતિભા દર્શાવશે. આ પ્રસંગે સામાજિક અગ્રણિ સન્મુખ જ્ઞાનચંદાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ટૂર્નામેન્ટનો મુખ્ય હેતુ સ્થાનિક યુવાનોને એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે, જેથી તેઓ પોતાની રમતગમતની પ્રતિભા વિકસાવી શકે અને ભવિષ્યમાં દેશનું પ્રતિનિધિત્વ કરવાની દિશામાં આગળ વધી શકે. આયોજકો દ્વારા જણાવાયું હતું કે વિવિધ જ્ઞાતિ અને ધર્મના



ખેલાડીઓ એકસાથે ભાગ લઈ રહ્યા છે, જે સમાજમાં એકતા અને સૌહાર્દનો સંદેશ આપે છે. ટૂર્નામેન્ટના ઈનામોને લઈને પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. 'ઓમ્સ ક્રિએશન'ના ઓમ ભારવાની દ્વારા કુલ 7 ટ્રોફીઓ રાખવામાં આવી છે, જ્યારે અન્ય આકર્ષક ઈનામો આહુજા મોબાઈલ, એનકશ શૂ અને શ્યામ થેલી ભંડાર દ્વારા પ્રાયોજિત કરવામાં આવ્યા છે. આ ટૂર્નામેન્ટનું આયોજન ભરત ભાગચંદાણી અને દિનેશ તલોકાની દ્વારા કરવામાં આવ્યું છે.

## વડોદરા ગૌતમ બુદ્ધ માનવસેવા સંઘની વાર્ષિક સાધારણ સભા યોજાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.28
વડોદરા શહેરમાં ઘણા વર્ષોથી કાર્યરત ગૌતમ બુદ્ધ માનવ સેવા સંઘ વડોદરા ની 16 મી વાર્ષિક સાધારણ સભાનું આગામી તારીખ 1 5 2026 ના રોજ મીટીંગ યોજાશે જેની અંદર પ્રશ્ન નવા ટ્રસ્ટીઓ તેમજ કારોબારીના સભ્યોની નિમણૂક કરવામાં આવશે ગત પાંચ વર્ષના હોદ્દેદારોની ટમ પૂરી થયો હોવાથી આયોજન કરવામાં આવ્યું છે આ મિટિંગમાં આવક જાવક ના હિસાબો અને જુના હોદ્દેદારોએ કરેલા કાર્યો તેમ બહાલી સભામાં આપવામાં આવશે આ વાર્ષિક સાધારણ સભા તારીખ 1 5 2026 ના રોજ ગ્રામ પંચાયત ખાતે વેરાઈ માતા ના હોલમાં સવારે 11:00 વાગે રાખવામાં આવી છે

# રણોલીમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરનાર બે આરોપીની ધરપકડ કરાઈ

વડોદરા : વડોદરા તાલુકાના રણોલી ગામે 27 એપ્રિલની મધરાતે ફરજ પર રહેલા પોલીસ કોન્સ્ટેબલ પર બે શખ્સોએ હુમલો કર્યો હતો. જવાહરનગર પોલીસે કાર્યવાહી કરી બંને આરોપીઓની ધરપકડ કરી છે. રણોલી ગામના સોલંકી ફળીયામાં 27મી એપ્રિલની રાત્રે જવાહરનગર પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મહેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ ફરજ બજાવી રહ્યા હતા. તે દરમિયાન આરોપી દેવરાજ મહેશભાઈ બારોટ અને અજય મસ્કેએ ફરજમાં અડચણ ઉભી કરી હતી. તે સમયે આઉટસોર્સ ડ્રાઈવર રઘુવીરસિંહ રાજેશભાઈ સરકારી મોબાઈલથી વીડિયો રેકોર્ડ કરી રહ્યા હતા. આરોપીઓએ ધક્કો મારી મોબાઈલ નીચે પાડી દીધો હતો અને લાતો મારી ફોનને નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારબાદ બંનેએ ગંદી ગાળો બોલી કોન્સ્ટેબલ અને ડ્રાઈવર સાથે ઝપાઝપી કરી હતી.દરમિયાન દેવરાજ બારોટે હાથમાં પહેરેલા કડાથી કોન્સ્ટેબલ મહેન્દ્રકુમારના માથા પર પ્રહાર કરતા તેઓ લોહીલુહાણ થયા હતા. ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા.


## શ્રદ્ધાંજલિ



સ્વ.ઉર્મિલાબેન ડાહ્યાભાઈ ગજ્જર
સ્વ.તા.24-04-2026

આપની હયાતી અમારી પ્રેરણા હતી.આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.આપનું સાદગીભર્યું જીવન ઉચ્ચ વિચારો માયાળુ સ્વભાવ લાગણીશીલતા અમો જીવનભર ભૂલશુ નહીં પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સુથાર સમાજ ગુજરાત વડોદરા
શ્રી ગજ્જર સુથાર સમાજ ગુજરાત વડોદરા
શ્રી વડોદરા જિલ્લા વિશ્વકર્મા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લીમીટેડ.
પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીગણ તથા કારોબારી સભ્યો